

# શ્રી સ્વામિનારાયણ

# બાળ સત્સંગ

## પર્વ-૧

NARNARAYAN DEV BAL MANDAL

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



શ્રી નરનારાયણદેવ - કાલુપુર, અમદાવાદ



પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ
# બાળ સત્સંગ
## પર્ણ-૧

NARNARAYAN DEV BAL MANDAL

**સંસ્કારમય ભવિષ્યનું ઘડતર, નરનારાયણદેવ બાળ મંડળ**
**Cultivating Future With Values**

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

ચિત્રાંકન : પ્રફુલ ખરસાણી

# સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરૂ છે.
  તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- ભગવાન શ્રી સ્વામિનારાયણ અને આચાર્ય મહારાજશ્રીએ
  પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશા પાલન કરીશ.
- આ જન્મે જ અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

આ પ્રતિજ્ઞા દરેકે મુખપાઠ કરવી

# પ્રસ્તાવના

કોઈપણ છોડ નાનો હોય ત્યારે જેમ વાળવામાં આવે તેમ વાળી શકાય છે. કોઈપણ માટીના પાત્રને પાક્યા પહેલા જેવો આકાર આપવો હોય તેવો આપી શકાય છે. મનુષ્યના જીવનનું પણ કંઈક આવું જ છે. નાની ઉંમરમાં બાળકને જેવું વાતાવરણ, સંસ્કાર કે વાંચન આપવામાં આવે તેવું તેનું જીવન ઘડતર થવાની શક્યતાઓ વધી જાય છે. આપણા પરિવારના બાળકોમાં ધર્મ, સમાજ, વ્યવહારનું સંસ્કાર સભર સિંચન થાય તેવા શુભ હેતુથી દરેક મંદિરો-ગામોમાં બાળમંડળની પ્રવૃત્તિઓ ચાલે છે. આ પ્રવૃત્તિમાં આ પુસ્તક ખૂબ ઉપયોગી અને સહાયક નિવડશે. પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી પ્રકાશિત આ પુસ્તક દ્વારા સૌ બાળકો પ્રભુને ઓળખી ખૂબ સારા મનુષ્ય બને અને પછી સારા સત્સંગી બને એવી શુભ આશા સાથે સૌ આ પુસ્તકનો ખૂબ ખૂબ ઉપયોગ કરે એવી શુભકામના.

આ પુસ્તકના લેખન તથા સંશોધન કાર્યમાં તથા આ પુસ્તક આપ સુધી પહોંચાડવા ખૂબ જહેમત ઉઠાવી જે કોઈ સંતો-હરિભક્તોએ શ્રીહરિને રાજી કરવા સેવા કરી છે તે સર્વેનું પણ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સર્વ પ્રકારે શ્રેય કરે તેવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

શાસ્ત્રી.સ્વામી હરિકૃષ્ણદાસજી
મહંતશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ

# પુષ્પ - ૧. આરતી





જય સદ્‌ગુરૂ સ્વામી જય સદ્‌ગુરૂ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી.... પ્રભુ જય... ૧
ચરણ સરોજ તમારા, વંદુ કર જોડી; (૨)
ચરણે શિશ ધર્યાથી (૨) દુઃખ નાંખ્યા તોડી.... પ્રભુ જય... ૨
નારાયણ નર ભ્રાતા, દ્વીજ કુળ તનુધારી; (૨)
પામર પતીત ઉધ્ધાર્યા (૨) અગણિત નરનારી.... પ્રભુ જય... ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી; (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટી ગયા કાશી.... પ્રભુ જય... ૪
પુરૂષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે; (૨)
કાળ કર્મથી છુટી (૨) કુટુમ્બ સહિત તરશે.... પ્રભુ જય... ૫
આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી; (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધ્ધિ.... પ્રભુ જય... ૬

**સ્વાધ્યાય**

**આરતી મુખપાઠ કરવી**

૧. આ આરતી ની રચના કોણે કરી ?
   (a) બ્રહ્માનંદ સ્વામી (b) મુક્તાનંદ સ્વામી (c) પ્રેમાનંદ સ્વામી (d) દયાનંદ સ્વામી
૨. આપણા મંદિરોમાં દરરોજ કેટલી આરતી થાય છે? કઈ કઈ ?
   (a) ૫ (b) ૩ (c) ૭ (d) ૧
૩. સવારના સૌ પ્રથમ કઈ આરતી થાય છે ?
   (a) મંગળા (b) શણગાર (c) શયન (d) રાજભોગ
૪. બપોરના થાળ પછી કઈ આરતી થાય છે ?
   (a) શયન (b) સંધ્યા © રાજભોગ (d) શણગાર
૫.કઈ આરતી બાદ ભગવાનને પોઢાડવામાં આવે છે ?
   (a) મંગળા (b) શણગાર © રાજભોગ (d) શયન

**આરતી શા માટે?**

અંતરના ભાવથી, અગ્નિની જયોતમાં પ્રભુના દર્શન કરી ભાવ પ્રગટ કરવા માટે.

**પ્રવૃત્તિ :** આરતીની થાળીઓ શણગારવાની સ્પર્ધા રાખવી

**વિશેષ :** સંધ્યા - મંગળા અને
રાજભોગ આરતી તૈયાર કરવી.



# પુષ્પ - ૨. ધૂન

રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ ! હરે રામગોવિંદ, જય જય ગોવિંદ !
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે !
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
રાધે ગોવિંદ જય રાધે ગોવિંદ ! વૃંદાવનચંદ્ર જય રાધેગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ; આનંદકંદ જય માધવ મુકુંદ !
નરનારાયણ સ્વામિનારાયણ; નરનારાયણ સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ !

**સ્વાધ્યાય**

**ધૂન મુખપાઠ કરવી**

૧. માળામાં કેટલા મણકા હોય છે ?
   (a) ૧૦૮ (b) ૧૧૧ (c) ૧૧૪ (d) ૫૨
૨. કપાળમાં તિલક શાનું કરવામાં આવે છે ?
   (a) કેસર (b) માટી (c) ચંદન (d) કંકુ
૩. ગળામાં પહેરવા માટે કઈ કંઠી શ્રેષ્ઠ ગણાય છે ?
   (a) તુલસી (b) ચંદન (c) વડ (d) પીપળો
૪. ભગવાનના ચરણમાં કેટલા ચિન્હ છે ?
   (a) ૧૨ (b) ૧૬ (c) ૧૮ (d) ૨૧
૫. કયા દિવસે વ્રત-ઉપવાસ કરવો જોઈએ ?
   (a) ચોથ (b) અમાસ (c) બીજ (d) એકાદશી

**ધૂન શા માટે ?**

તાળી પાડી ઉંચા સ્વરે ધૂન કરવાથી મનના કુવિચારો ટાળવા માટે.

**પ્રવૃત્તિ**

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન દરેક વિદ્યાર્થીએ ગાતા શીખવું.



# પુષ્પ - ૩. પ્રાર્થના





વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
દાતા તમે સકળ મંગળ શાંતીદાતા;..
માટે તમારૂં કરૂણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ૦૧
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,.
નિત્યે પ્રભુ તવ પદે મમવૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ૦૨

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતી શ્રી સ્વામિનારાયણ-૧
આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દીલે ધરીને દયા;
કીધાં ચારૂચરિત્ર ગાન કરવા જેણે કરૂણા કરી,.
વંદુ મંગલમૂર્તિ ઉર ધરી સર્વોપરી શ્રીહરિ-૨
જન્મ્યા કૌશલદેશ વેશ બટુનો લઈ તીર્થમાંહિ ફર્યા,
રામાનંદ મળ્યા સધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધ્યાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી-૩

**સ્વાધ્યાય (પુષ્પ - ૩)**
**પ્રાર્થના મુખપાઠ કરવી**

૧. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોને ગુરૂમંત્ર કોણ આપે છે ?
(a) પૂ. ગાદીવાળાશ્રી (b) પૂ. આચાર્ય મહારાજશ્રી (c) પૂ. લાલજી મહારાજશ્રી (d) પૂ.શ્રી રાજા
૨. ત્યાગી બહેનોને કયા નામે ઓળખવામાં આવે છે?
(a) કર્મયોગી (b) સાંખ્યયોગી (c) સાધ્વી (d) સન્યાસીણી
૩. સ્વામિનારાયણ ભગવાન કોને 'મા' કહી બોલાવતા ?
(a) લાધીબા (b) લાડુબા (c) જીવુબા (d) ગંગાબા
૪. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળના અધ્યક્ષ કોણ છે ?
(a) પૂ.શ્રી રાજા (b) પૂ. ગાદીવાળાશ્રી (c) પૂ. આચાર્ય મહારાજશ્રી (d) પૂ. લાલજી મહારાજશ્રી
૫. બહેનો-ભાઈઓની જુદી સભાની શરૂઆત કોણે કરાવી ?
(a) મુક્તાનંદ સ્વામી (b) રામાનંદ સ્વામી (c) નિષ્કુળાનંદ સ્વામી (d) નિલકંઠવર્ણી

**સ્તુતિ શા માટે ?**
પ્રાર્થના (સ્તુતિ)થી અંતર શુધ્ધ થાય છે અને પ્રભુનો રાજીપો-કૃપાની પ્રાપ્તિ થાય છે.

**પ્રવૃત્તિ**
સમૂહગાન કરતા શીખી દરરોજ મંદિરમાં ગાવી

**વિશેષ**
અન્ય સ્તુતિના પદો કીર્તનમાળામાંથી શોધી મુખપાઠ કરવા

**સ્વાધ્યાય (પુષ્પ - ૪)**
**શ્લોક મુખપાઠ કરવા**

૧. સરસ્વતીજીનું આસન શાના પર છે ?
(a) કમળ (b) ગુલાબ (c) મોગરો (d) કરણ
૨. ગાયત્રી માતાનું વાહન શું છે?
(a) કોયલ (b) મોર (c) હંસ (d) બગલો
૩. નિજાશ્રિતાનાં શ્લોક કયા ગ્રંથનો છે ?
(a) ગીતા (b) શિક્ષાપત્રી (c) શ્રીમદ્ ભાગવત (d) યજુર્વેદ
૪. સરસ્વતીજીના પિતાનું નામ શું છે ?
(a) વિષ્ણુ (b) સૂર્યદેવ (c) ઈન્દ્ર (d) બ્રહ્મા
૫. સરસ્વતીજીના હાથમાં કયું વાદ્ય છે ?
(a) સારંગી (b) વીણા (c) એકતારો (d) સિતાર

**સરસ્વતી પૂજન શા માટે?**
સરસ્વતીમાતા વિદ્યાના તથા બુધ્ધિના દેવી છે તેમના પૂજનથી વિદ્યા તથા બુધ્ધિમાં વૃધ્ધિ થાય એ માટે.

**પ્રવૃત્તિ**
શ્લોક રાગમાં સમૂહમાં ગાવા તથા મંદિરમાં કોઈ કાર્યક્રમ હોય તો તેનો આરંભ શ્લોકથી કરવો.

**વિશેષ**
ગણપતિજી, સરસ્વતીજી તથા અન્ય શ્લોક મુખપાઠ કરવા.

# પુષ્પ - ૪. શ્લોક

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમદેવ દેવ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધ્ધર્મભક્તે સ્વનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોડખિલ મંગલં નઃ ॥




ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્ય્ ।
ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥



યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા યા શુભ્ર વસ્ત્રાવૃતા
યા વીણા વર દંડ મંડિત કરા યા શ્વેત પદ્માસના
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુતિભિ દેવૈઃ સદા વન્દિતા
સા મામ્ પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડયા પહા ॥

# પુષ્પ - ૫. ખાંપા તલાવડી


એક વખતની વાત છે.
એક તલાવડીને કાંઠે એક સાધુ રહેતો હતો.
તેનું નામ હરિદાસ.
હરિદાસ રામાયણ વાંચે અને ઘનશ્યામતથા તેમના મિત્રો સાંભળે.
એકવાર તેઓ ત્યાં આવ્યા.
તલાવડીની આસપાસનાં કદંબના અને કેવડાનાં ફૂલો જોયા.
તેની સુગંધથી તેઓ ખુશ ખુશ થઈ ગયા.
મિત્રોએ કદંબના ફૂલની માળા બનાવી ઘનશ્યામને પહેરાવી.
ફૂલોનાં બીજા આભૂષણો પણ પહેરાવ્યા.
આમ રમત કરતા હતા એટલામાં ઘનશ્યામે ગાયોનું મોટું ધણ જોયું.
તેમણે મોં વડે વાંસળીનો સૂર રેલાવ્યો.
એ સાંભળી ગાયો ત્યાં ધસી આવી.
ઘનશ્યામ અને તેમનાં મિત્રો આંબલીના ઝાડ પર ફટાફટ ચઢી ગયા.
ગાયોનું મોટું ધણ તો આંબલી નીચેથી હટે જ નહીં.
મિત્રો અકળાયા ! અરેરે ! હવે શી રીતે ઉતરાશે ?
ઘનશ્યામે હાથનો ઈશારો કર્યો.
ગાયોનું ધણ પાછું વળી ગયું.
સૌ નીચે ઉતરવા લાગ્યા.



ઘનશ્યામ પણ ઉતરવા લાગ્યા. એ વખતે એમના જમણા સાથળમાં આંબલીનો ખાંપો પેસી ગયો.
ઘા ઉંડો પડ્યો, લોહી નીકળવા લાગ્યું.
આ જોઈ વેણી, માધવ સુખનંદન ગભરાઈ ગયા.
દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોએ આવીને પાટો બાંધી દીધો.
મિત્રોએ દોડતા-દોડતા ઘરે જઈ ધર્મદેવને આ વાત કરી.
ધર્મદેવ તરત ત્યાં દોડી આવ્યા.
ઘનશ્યામને લઈ બધા ઘર તરફ પાછા ફર્યા.
ઘનશ્યામ બધાથી આગળ દોડી ઘેર પહોંચ્યા.



ઘેર બધા ચિંતામાં હતા.
ઘનશ્યામને જોતા તેમના જીવમાં જીવ આવ્યો.
ઘનશ્યામે પાટો છોડી કહ્યું, "ક્યાંય વાગેલું દેખાય છે તમને ?"
સાથળ પર માત્ર નાનું નિશાન હતું.
ઘરનાને અને તેમનાં મિત્રોને આ જોઈ ખૂબ નવાઈ લાગી.
ત્યારથી એ તલાવડીનું નામ ખાંપા તલાવડી પડ્યું.





**સ્વાધ્યાય :**

૧. ઘનશ્યામના કયા પગનાં સાથળમાં ખાંપો વાગ્યો હતો ?
૨. ઘનશ્યામને ખાંપો વાગવાના સમાચાર ધર્મદેવને કોણે આપ્યા ?
૩. ઘનશ્યામને સાથળમાં કયા વૃક્ષનો ખાંપો વાગ્યો હતો ?
૪. મિત્રોએ ઘનશ્યામને કયા ફૂલની માળા પહેરાવી ?
૫. ખાંપા તલાવડી નામ શેના પરથી પડ્યું ?

**શા માટે :** ફૂલહાર દ્વારા ભગવાનનું પૂજન કરવાથી આપણું મન પણ સદ્‌ગુણોથી સુગંધીત બને તે માટે.

**સત્સંગ સિંચન**

૧. સ્વામિનારાયણ ભગવાનનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(a) છપૈયા (b) અયોધ્યા (c) અમદાવાદ(d) ગઢપુર
૨. સ્વામિનારાયણ ભગવાનના માતા-પિતાનું નામ જણાવો ?
(a) ધર્મ-ભક્તિ (b) વાસુદેવ-દેવકી(c)દશરથ-કૌશલ્યા (d) મનુ-સતરૂપા
૩. ધર્મ-ભક્તિને કેટલા સંતાનો હતા ?
(a) ૨ (d) ૪ (c) ૬ (d) ૩
૪. ધર્મદેવનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(a) હરિદ્વાર (b) વડતાલ (c) ઈટાર (d) મથુરા
૫. ભક્તિમાતાનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(a) વૃંદાવન (b) ઋષિકેશ(c) રામેશ્વર (d) છપૈયા




**પ્રવૃત્તિ :**
ભગવાન માટે બનાવવામાં આવતાં હારમાં ઉપયોગમાં લેવાતાં ફૂલોની યાદી તૈયાર કરો.

**વિશેષ :**
ભગવાન માટે ફૂલોનો હાર બનાવી લાવવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખા | ધી | ગો | જો | સ | ન | જ | ગી | વ્યો | મ |
| લા | કા | પ | સ્વ | લા | ગા | વ | ચં | ણિ | વે |
| જો | મા | દ | દા | સ્તિ | કા | ભ | ર્મ | ઉ | લા |
| દે | બ | ત્રિ | કો | ણ | ક | ર | સિ | ર્ધ્વ | અ |
| જાં | બુ | રા | સ | ચ | ર | ર્મ | ડો | રે | ર્ધ |
| વ | ર્મ | ઝી | અ | ષ્ટ | કો | ણ | ચં | ખા | ચં |
| ક | જ | અં | ર | ભા | વે | ક | ઝી | લિ | દ્ર |
| મ | ળ | કુ | ચં | શં | કુ | મ | ધ | દ | ણા |
| ગ | ળ | શ | વ | મી | ક્તિ | બ | પ્ર | નુ | ભા |
| ધ | નુ | ષ | વે | ન | ટ | મ | ધ્વ | જ | ષ |

– કળશ
– વ્યોમ
– અર્ધચંદ્ર
– ગોપદ
– અષ્ટકોણ
– ધ્વજ
– મીન
– ત્રિકોણ
– ધનુષ
– અંકુશ
– જવ
– ઉર્ધ્વરેખા
– વજ્ર
– સ્વસ્તિક
– જાંબુ
– કમળ




શ્રીજી મહારાજના ચરણોમાં સોળ ચિન્હો હતા તે ચિન્હોના નામ ઉપર આપેલા ચોકઠામાંથી શોધી તેને તમને ગમતા કલરની સ્કેચપેનથી કુંડાળું કરી અને નીચે આપેલા ચરણારવિંદમાં તે ચિન્હો શોધી કાઢો.

## પુષ્પ - ૬.

# જાંબુની લીલા

છપૈયાપુરથી આથમણી દિશામાં પીરોજપુર નામે ગામ.
એ ગામમાં આનંદ તરવાડીનું ખેતર.
એ ખેતરમાં જાંબુનું એક ઝાડ હતું.
જેઠ માસ હતો, જાંબુડે સરસ મજાના જાંબુ શોભતા હતા.
ઘનશ્યામ પોતાના બાળમિત્રો સાથે એ જાંબુડા નીચે આવ્યા.
મિત્રો જોતા રહ્યા ને ઘનશ્યામ ઝાડ પર ચઢી ગયા!
જાંબુડાને હલાવતા કહ્યું, ‘‘લો....ખાવ!’’
જેને જેટલા ખાવા હોય એટલા ખાવ, ધરાઈને ખાવ!
કાચા-પાકા જાંબુ ટપોટપ નીચે પડવા લાગ્યા.
એ જોઈ મિત્રો હરખાઈ ઉઠ્યા.
ઘનશ્યામ ફરી બોલ્યા, ખાતા જાવને ફાંટ ભરતા જાવ. કોઈ ડરશો નહીં.
મિત્રો તો હોંશે હોંશે ખાતા જાય...ફાંટમાં ભરતા જાય....ને ગમ્મત કરતા જાય.
એટલામાં એનો રખેવાળ હાથમાં લાકડી લઈ દોડી આવ્યો.
જાંબુ વીણતા મિત્રો તેની નજર ચૂકવી ગામ ભણી દોડી ગયા.
ઝાડ પર રહી ગયા એકલા ઘનશ્યામ!
રખેવાળ ગુસ્સામાં બોલ્યો, ‘‘નીચે ઉતર.....મારા જાંબુ બહુ બગાડ્યા, આજે તને ખબર પાડું....!
ઘનશ્યામ નીચે ઉતર્યા.
રખેવાળે તેમને પકડી મારવા હાથ ઉગામ્યો.





ઘનશ્યામે તેમનો હાથ પકડી પાછો ધક્કો માર્યો, પછી તે ઘર તરફ દોડ્યા.

રખેવાળ નીચે પટકાયો, તેનો હાથ ભાંગ્યો ને તે બેભાન થઈ ગયો.

થોડી વાર પછી તે ભાનમાં આવ્યો.

ઘેર જઈ પાટો બંધાવ્યો.

પછી છપૈયાપુરમાં ધર્મદેવને ઘેર આવ્યો અને મોટેથી બોલ્યો, "ઓ ધર્મદેવ! જુઓ આ તમારા પુત્રનું પરાક્રમ!"

મારા ખેતરમાં જાંબુના ઝાડ પર ચઢી જાંબુ બગાડ્યા.

મિત્રો સાથે મળી ખૂબ તોફાન કર્યું અને મેં પકડ્યો તો મને પછાડી મારો હાથ ભાંગ્યો!

ધર્મદેવે કહ્યું, અરે ભલા માણસ, છોકરાઓએ તારા જાંબુ ખાધા હશે, તેનો બગાડ પણ કર્યો હશે, એ સમજાય તેવું છે.

પણ આ ઘનશ્યામ નાનો, તું પહાડ જેવો મોટો મરદ એ તારો હાથ ભાંગે એ તો નવાઈ લાગે છે! ભાઈ, આવી વાત તું કોઈને કહેતો નહીં, નહીં તો એ તને હસશે!!

રખેવાળ ધર્મદેવની વાત સાંભળી મુંઝવણમાં પડ્યો, એ ચુપ થઈ ગયો.

આ તો દુઃખથી રહેવાય નહીં અને પોતાની વાત કોઈને કહેવાય નહિ, એવું થયું!

**સ્વાધ્યાય**

૧. જાંબુની લીલા ઘનશ્યામે કયા મહિનામાં કરી ?
૨. જાંબુની લીલા ઘનશ્યામે કયા ગામના ખેતરમાં કરી ?
૩. પીરોજપુર ગામ છપૈયાથી કઈ દિશામાં આવેલું છે ?
૪. ખેતરના રખેવાળે ધર્મદેવને શી ફરિયાદ કરી ?
૫. ખેતરના રખેવાળની ફરિયાદ સાંભળી ધર્મદેવે તેને શું કહ્યું ?

**શા માટે : બાળપણમાં જ સારા મિત્રો શા માટે બનાવવા જોઈએ ?**

સારા મિત્રોની સોબતથી સારુ જીવન ઘડતર અને
ખરાબ મિત્રોની સોબતથી ખરાબ જીવન ઘડતર થાય છે.

**સત્સંગ સિંચન :**


૧. છપૈયામાં ઘનશ્યામની નામકરણ વિધિ કોણે કરી ?
   (a) વ્યાસ (b) માર્કંડેય (c) વિશ્વામિત્ર (d) ભારદ્વાજ
૨. ઘનશ્યામે કોના ખેતરમાંથી જાંબુ ખાધા ?
   (a) દલોતરવાડી (b) આનંદ તરવાડી (c) દેવ તરવાડી (d) લક્ષ્મીદાસ
૩. ધર્મદેવનું મૂળ નામ જણાવો ?
   (a) નારણ શર્મા (b) કૃષ્ણ શર્મા (c) બાલ શર્મા (d) રાજશર્મા
૪. ભક્તિમાતાનું મૂળ નામ જણાવો ?
   (a) રાધાદેવી (b) વસુધા (c) પ્રેમવતી (d) દેવકી
૫. ઘનશ્યામના મોટાભાઈનું નામ જણાવો ?
   (a) પ્રયાગ (b) વેણીરામ (c) ઈચ્છારામ (d) રામપ્રતાપ

**પ્રવૃત્તિ :**


ભગવાનને પ્રસાદમાં ધરાવવામાં આવતાં
જુદાં જુદાં ફળોની યાદી બનાવવી


**વિશેષ :**

જુદાં જુદાં ફળોનો ભગવાન માટે પ્રસાદ બનાવીને લાવવો.



બાળ મિત્રો નીચે શિક્ષાપત્રિના શ્લોક નં. ૧૪નાં બે ચિત્રો આપેલા છે.
બન્ને ચિત્રોમાં પાંચ તફાવત છે.તે શોધી તેને લાલ સ્કેચપેનથી કુંડાળુ કરશો.



# પુષ્પ - ૭.


# ભૂત ઉધ્ધાર

અયોધ્યામાં નવાબનું રાજ હતું. એ નવાબનો છપૈયાવાસીઓને ભારે ત્રાસ હતો.
એટલે ધર્મદેવ અને ભક્તિમાતા પોતાના બંને પુત્રોને લઈ તીનવા ગામે પોતાના સંબંધીને ઘેર રહેવા ગયા.
એ સંબંધી હતાં પ્રથિત પાંડે અને વચનાબાઈ.
થોડા વખતમાં જ તેમને ત્યાં ગોઠી ગયું.ભક્તિમાતા ગામના કૂવે પાણી ભરવા જતા.
એક દિવસ વચનાબાઈએ કહ્યું, "સાંજ પડ્યે એ કૂવે પાણી ભરવા ન જવું."
"કેમ બહેન ? જાઉં તો શું થાય ?" ભક્તિમાતાએ પૂછ્યું.
"બીજું તો શું ? એ કૂવામાં ભૂતડા રહે છે. હેરાન કરે" વચનાબાઈએ ચોખવટ કરી.
પછી ભક્તિમાતાથી આ વાત ભૂલાઈ ગઈ.એક દિવસ સાંજે તેઓ કૂવે પાણી ભરવા ગયા.
ઘડો કૂવામાં ઉતાર્યો. પછી એ ઘડો બહાર ખેંચાય જ નહીં !
અચાનક ભક્તિમાતાને વચનાબાઈએ કરેલી વાત યાદ આવી.
તેઓ ડરી ગયા.



ઘડો ને દોરડું ત્યાંજ રહેવા દઈ ઘેર પહોંચ્યા. આ વાતની જાણ ઘનશ્યામને થઈ.
બીજે દિવસે તેઓ એ કૂવા પર ગયા. ગામ લોકોએ તેમને કૂવામાં ઉતરતા અટકાવ્યા.
પણ ઘનશ્યામ તો કૂવામાં ઉતર્યા જ. જેવા તે કૂવામાં ઉતર્યા કે તરત ચારેબાજુ તેજ-તેજ ઝળહળી ઉઠ્યું.
ભૂતોની આજીજી સંભળાઈ. ‘‘અમને ઉગારી લો પ્રભુ !અમે પાપીઓ છીએ.
અમે જુગારી છીએ. અમે ચોર છીએ. અમે બીજાને ખૂબ દુઃખી કર્યા છે. ત્રાસ આપ્યો છે.
અમારી આ દશામાંથી અમને બચાવી લો.... ઘનશ્યામે તે દુઃખીયા-પીડિત જીવોનો ઉધ્ધાર કર્યો.
પછી તે ભૂતિયો કૂવો ભૂતિયો રહ્યો નહીં.





## સ્વાધ્યાય

૧. જોડકાં જોડો : વિભાગ અ અને બનાં બંધ બેસતાં જોડકાં જોડો.

| અ | બ |
|---|---|
| અયોધ્યા | ભક્તિમાતા |
| તીનવા | નવાબ |
| ભૂતિયો કૂવો | વચનાબાઈ |
| છપૈયા | ભૂતડા |

**શા માટે :** ભગવાનના ચરિત્રો શા માટે સાંભળવા જોઈએ ?
ભગવાનના ચરિત્રોથી પાપ બળી જાય છે માટે.

**સત્સંગ સિંચન :**

૧. ઘનશ્યામની ભાભીનું નામ જણાવો ?
(a) ગંગાબા (b) સુવાસીનીબા (c) લક્ષ્મીબા (d) ચંદનબા

૨. અયોધ્યા કઈ નદીને કાંઠે આવેલું છે ?
(a) સરસ્વતી (b) યમુના (c) સરયુ (d) ગંગા

૩. ઘનશ્યામે ગૃહત્યાગ કેટલા વરસની ઉંમરે કર્યો ?
(a) ૧૧ (b) ૧૨ (c) ૯ (d) ૧૪

૪. ઘનશ્યામે ગૃહત્યાગ કયા ગામથી કર્યો ?
(a) મનકાપુર (b) ઈટાર (c) અયોધ્યા (d) છપૈયા

૫. વનવિચરણ દરમિયાન ઘનશ્યામ કયા નામથી ઓળખાતા હતા ?
(a) ગોપાલદાસ (b) સેવકરામ (c) સરયુદાસ (d) નિલકંઠવર્ણી

**પ્રવૃત્તિ :** ભગવાનના ચરિત્ર સાંભળી નાટક તૈયાર કરી ભજવવું

**વિશેષ :** અન્ય બાળચરિત્ર મુખપાઠ કરવા.



બાળ દોસ્તો, આ ચિત્ર છે શ્રીજી મહારાજના લીલા ચરિત્રોનું તેમાં તમને મનગમતા રંગો પૂરી તમારા માતા - પિતા, શિક્ષક કે સ્વામીને બતાવો.

# પુષ્પ - ૮. બાળમંડળ

બાળ મંડળમાં બાળકોને તેના બાલ સખાઓને મળવાની મજા આવે છે. નાની નાની વાર્તાઓ, વિવિધ રમતો, પ્રવાસ, રેલી જેવાં વિવિધ કાર્યક્રમો કરવાની મજા આવે છે. બાળકોની સવાલ પૂછવાની વૃત્તિને પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમોથી સંતોષવામાં આવે છે. બાળ મંડળનો બાળક સામાન્ય બાળક કરતાં કાંઇક વિશેષ શીખતો હોવાનું સૌને જણાવીને પોતે ગૌરવ અનુભવે છે. પોતાના બાળ મંડળના અનુભવો બીજાને કહીને પોતે આત્મસંતોષ અનુભવે છે. ઉપરાંત, તે સંસ્કાર મેળવતો હોવાથી ઘર અને સમાજમાં આદર મેળવે છે. વળી, પોતે ઘરમાં અને બહાર વડીલોનો આદર કરતો હોવાથી સૌનો માનીતો હોય છે. બાળ મંડળમાં તેને સારા અને સંસ્કારી મિત્રો મળતા હોવાથી તેનામાં સકારાત્મક વિચારો પેદા થાય છે. બાળમંડળમાં બાળકો એકબીજાના શોખ અને કળાના વિચારોની આપ લે કરતા હોય છે જેથી તેના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને છે. સામાન્ય રીતે ઘરનાં એકલવાયાં વાતાવરણથી કંટાળેલું બાળક સમૂહમાં રહીને પ્રેમમેળવે છે તેમજ સહનશક્તિ અને શિષ્ટાચાર જેવાં ગુણો વિકસે છે. ખરેખર, બાળમંડળ એ બાળકનાં ઘડતરમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

**સ્વાધ્યાય**

૧. બાળ મંડળમાં બાળકોને કોને મળવાની મજા આવે છે ?
૨. બાળ મંડળમાં કઇ કઇ ઈત્તર પ્રવૃત્તિ કરવામાં આવે છે ?
૩. બાળ મંડળમાં બાળકોને સવાલ પૂછવાની વૃત્તિને કેવી રીતે સંતોષવામાં આવે છે ?
૪. બાળ મંડળથી બાળકમાં કયા ગુણો વિકસે છે ?
૫. બાળ મંડળનો બાળક વડીલો માટે કેવો અભિગમ રાખે છે ?

**શા માટે :** બાળ મંડળની રચના શા માટે કરવામાં આવી છે ?
આપણા સત્સંગી તથા સમાજના બાળકોનું ભવિષ્ય સંસ્કારમય બને એ માટે

**સત્સંગ સિંચન :**

૧. બધા બાળ મંડળના વડા કોણ હોય છે ? તેનું નામ જણાવો.
(a) પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (b) પ.પૂ.મોટા મહારાજશ્રી (c) પ.પૂ.લાલજી મહારાજશ્રી (d) પૂ. મહંત સ્વામી
૨. બાળ મંડળ કોની આજ્ઞા-આશીર્વાદથી ચાલે છે ?
(a) પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (b) પ.પૂ.મોટા મહારાજશ્રી (c) પ.પૂ.લાલજી મહારાજશ્રી (d) પૂ. મહંત સ્વામી
૩. આચાર્ય મહારાજશ્રી પોતાના ગામમાં પધારે ત્યારે તેમનો કેવી રીતે આદર કરવાની આજ્ઞા મહારાજે શિક્ષાપત્રીમાં કરી છે ?
(a) સામે જઈ સામૈયુ કરવાની (b) ફટાકડા ફોડી (c) વાજીંત્ર વગાડી (d) તોરણ બાંધી
૪. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતોને સંધ્યા સમયે ક્યાં જવાની આજ્ઞા કરેલ છે ?
(a) દુકાનમાં (b) તીર્થસ્થાનમાં (c) મંદિરમાં (d) નદી કિનારે
૫. સંસ્કારમય ભવિષ્યનું ઘડતર કોણ કરે છે ?
(a) પ્રવાસ (b) સ્કૂલ (c) બાળમંડળ (d) કોલેજ

**પ્રવૃત્તિ :** તમને ગમતી કોઇ એક બાલવાર્તા ઘેરથી લખીને લાવવી.

**વિશેષ :** તમને ગમતી કોઇ એક બાલવાર્તા મુખપાઠ કરીને બાળ મંડળમાં સંભળાવવી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | બ્ર | ધી | જો | પ્રે | મા | નં | દ | સ્વા | મી |
| ષ્કુ | હ્મા | કા | જી | લા | ગા | તા | ચં | ગો | સુ |
| ળા | નં | દે | વા | નં | દ | સ્વા | મી | પા | ખા |
| નં | દ | બ | દા | ગા | ર્મ | ર | સિ | ળા | નં |
| દ | સ્વા | ગ | સ | ચ | ર | મુ | ડો | નં | દ |
| સ્વા | મી | ર્મ | ચ | રા | ખા | ક્તા | ચં | દ | સ્વા |
| મી | ઝી | ગા | ર | શ | તા | નં | દ | સ્વા | મી |
| સે | ણિ | ભા | ચં | શં | ડુ | દ | હે | મી | ણા |
| ગુ | ણા | તિ | તા | નં | દ | સ્વા | મી | મા | ભા |
| નિ | ત્યા | નં | દ | સ્વા | મી | મી | દ | બા | મા |

– બ્રહ્માનંદ સ્વામી
– મુક્તાનંદ સ્વામી
– શતાનંદ સ્વામી
– ગોપાળાનંદ સ્વામી
– દેવાનંદ સ્વામી


– ગુણાતીતાનંદ સ્વામી
– નિત્યાનંદ સ્વામી
– પ્રેમાનંદ સ્વામી
– નિષ્કુળાનંદ સ્વામી
– સુખાનંદ સ્વામી

બાળ દોસ્તો! શ્રી સ્વામિનારાયણ ભગવાનની સાથે ઘણા બધા સંતો હતાં. પાંચસો તો પરમહંસો હતાં તેમાંથી ખાસ કરીને કયા નંદ સંતો તેમની સાથે નિત્ય રહેતા અને વિચરણ કરતાં તેમના નામ ઉપરના ચોકઠામાંથી શોધવાના છે

# પુષ્પ - ૯. પરોપકારી ભગો-મૂળો

ગઢડા મંદિરના કામકાજમાં ખર્ચ ઘણો થયો છે અને હજુ ૫૦૦ રૂપિયા મજૂરીના ચૂકવવાના બાકી છે તેવાં વિચારમાં શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં બેઠા હતા. એવામાં ગામ પીઠવડીથી ભગો અને મૂળો બે ભાઈઓ આવીને મહારાજને પગે લાગીને બેઠા. મહારાજે પૂછ્યું, અત્યારે સમૈયા વગર કેમ આવવાનું થયું ? ભગાએ કહ્યું, મહારાજ પાણીની બહુજ તંગી છે અને ખેતરમાં પાક સૂકાય છે. જો વરસાદ નહીં થાય તો કોઈ નહીં જીવે.

શ્રીજી મહારાજ ચિંતાતુર ચહેરે બોલ્યા કે ભગા-મૂળા વરસાદ વગર તો પશુ, પક્ષી અને મનુષ્ય સૌ કોઈ ખૂબ દુ:ખી થશે પરંતુ તમે બંને ભાઈઓ તો પૈસાવાળા છો એટલે તમારે તો તકલીફ નહી પડે. અરે મહારાજ ! આપણે તો સત્સંગી છીએ એટલે બીજાના દુ:ખ જોઈને સુખી કેવી રીતે રહી શકીએ ? શ્રીજી



મહારાજે કહ્યું, તો શું કરશો ? મૂળો બોલ્યો : મહારાજ વરસાદ કરો.
મૂળાનું અને મંદિરનું એમ એક સાથે બે કામ થાય તેવો વચલો રસ્તો કાઢવાનો વિચાર કરીને મહારાજે કહ્યું, મૂળા, વરસાદ કરવાના તો રૂપિયા થાય !
ભગો-મૂળો એક સાથે બોલ્યા : કેટલા થાય ?
શ્રીજી મહારાજ મનમાં મલકાઈને બોલ્યા : પાંચસો રૂપિયા થાય ! ભગો અને મૂળો એકબીજાની સામે જોઈને મનોમન નક્કી કર્યું કે ઘી ઢોળાય તોય ખીચડીમાં છે ને ! ભગો કહે, ભલે મહારાજ પાંચસો રૂપિયા આપીશું પણ અત્યારે લાવ્યા નથી. મહારાજ કહે, લેતા આવો એટલે તુરંત વરસાદ કરીએ ! ભગો-મૂળો તુરંત પીઠવડી ગયા અને બીજા દિવસે આવીને મહારાજ પાસે પાંચસો રૂપિયા મૂક્યા. મહારાજે કારભારીને બોલાવીને આ રૂપિયા મજૂરોને ચૂકવી દેવા કહ્યું. પરોપકારી ભગા-મૂળાને મહારાજે પોતાનો રાજીપો આપ્યો અને થાળ જમાડ્યો. તેવામાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો ચડી આવ્યા અને ત્રણ દિવસ સુધી મૂળશધાર વરસાદ વરસ્યો ! ધન્ય છે આવાં પરોપકારી ભક્તોને !

**સ્વાધ્યાય**

૧. ભગો-મૂળો ગઢપુર આવ્યા ત્યારે શ્રીજી મહારાજ ક્યાં બેઠા હતા ?
૨. ભગા-મુળાને જોઈને શ્રીજી મહારાજે તેને શું કહ્યું ?
૩. શ્રીજી મહારાજે ભગા- મૂળા પાસે વરસાદ કરાવવાના રૂપિયા શા માટે માંગ્યા ?
૪. શ્રીજી મહારાજે ભગા-મૂળા પાસે કેટલા રૂપિયા માંગ્યા હતા ?
૫. ભગો-મૂળો કયા ગામના રહેવાસી હતી ?

**શા માટે** : સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા આચાર્ય મહારાજશ્રી દ્વારા જ કરાવવામાં આવે છે ?
જે મૂર્તિની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજશ્રી દ્વારા કરવામાં આવી હોય તે જ પૂજવા યોગ્ય છે માટે.

**સત્સંગ સિંચન :**


૧. શિક્ષાપત્રીના રચયિતા કોણ છે ?
(a) રામાનંદ સ્વામી (b) મુક્તાનંદ સ્વામી (c) સહજાનંદ સ્વામી (d) તુલસીદાસજી
૨. શિક્ષાપત્રીમાં કેટલા શ્લોક આવેલાં છે ?
(a) ૧૧૨ (b) ૧૧૯ (c) ૨૧૨ (d) ૨૨૦
૩. વચનામૃતની સંખ્યા કેટલી છે ?
(a) ૨૬૨ (b) ૨૭૩ (c) ૨૨૧ (d) ૩૬૫
૪. શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને ધર્માદો કયા સ્થાને આપવાની આજ્ઞા કરેલી છે ?
(a) મૂળ મંદિર (b) ગૌશાળા (c) દવાખાના (d) અનાથાશ્રમ
૫. શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને 'ગુરૂમંત્ર' તથા 'દીક્ષા' કોની પાસેથી લેવાની આજ્ઞા કરી છે ?
(a) આચાર્ય મહારાજશ્રી (b) લાલજી મહારાજશ્રી (c) ગામગુરૂ (d) સંતો

**પ્રવૃત્તિ** : નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય પરંપરાની યાદી તૈયાર કરવી.
**વિશેષ** : આચાર્ય પરંપરાના ફોટાઓ બાળ મંડળમાં લાવીને બતાવવા તથા ઓળખ કરાવવી.

# પુષ્પ - ૧૦. જોધાને નિશ્ચય

એક વખત જોધો ભરવાડ દાદા ખાચરના દરબારમાં લીંબવૃક્ષ નીચે ગાય દોહતો હતો. તેવામાં શ્રીજી મહારાજ બાજુમાંથી પસાર થયા. પ્રભુને જોધા સાથે રમૂજ કરવાની ઈચ્છા થઈ એટલે જોધાને પાછળથી પગનું ઠેબું માર્યું ! જોધો મહારાજના રમૂજી સ્વભાવને જાણતો હતો એટલે તુરંત ગાયના આંચળમાંથી દૂધની પિચકારી મહારાજના પગ ઉપર મારી. શ્રીજી મહારાજનો પગ અને કપડાં દૂધવાળા થયા એટલે મહારાજ બોલ્યા, ''મૂરખ તે મૂરખ જ રહ્યો''. જોધો કહે તમે બહુ ડાહ્યા છો તે મને ખબર છે ! આ સાંભળી મહારાજ બોલ્યા, શું ખબર છે ?

જોધો ગાય દોહતો દોહતો બોલ્યો કે એક ચકલીને પાણી પાવા માટે થઈને તમે આખું બ્રહ્માંડ પાણીમાં ડૂબાડ્યું હતું !



શ્રીજી મહારાજ કહે, તારા ગુરૂ કોણ છે ? જોધો કહે મુક્તાનંદ સ્વામી. મહારાજ કહે તો બરાબર. પછી મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીની થાંભલીએ ઓઠીંગણ દઈને બેઠા, તેવામાં મુક્તાનંદ સ્વામી આવીને મહારાજ પાસે બેઠા.

જોધો ગાય દોહીને મહારાજ પાસે આવ્યો અને બોલ્યો, તમે મને મૂરખ કહેતા હતા અને તમે બહુ ડાહ્યા હોવ તો આ બકરાઓમાંથી કોયલી, કાટૂડી, જાંબડી કઈ છે ? તે કહી દો તો ખરા ! આ સાંભળીને મુક્તાનંદ સ્વામી ખડખડાટ હસી પડ્યા. આ સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા : એ જોધા ! અનંત કોટી બ્રહ્માંડના જીવમાત્રનાં નાડી પ્રાણ એનાં હાથમાં છે અને તું બકરામાં પૂછે છે ? જોધો બોલ્યો : ભલે ગુરૂ, બે ચાર બકરાના નામતો લઈ દે એટલે ખાતરી થાય ! શ્રીજી મહારાજે જોધા સામે નજર કરી અને જેમ ફાનસમાં પ્રકાશની જ્યોત દેખાય તેમ દરેક બકરાના જીવ અને જીવમાં શ્રીજી મહારાજના દર્શન થયા !

જોધો પગમાં પડ્યો, અરેરે પ્રભુ ! હું આ વાતને જાણતો જ નહોતો !

**સ્વાધ્યાય**

૧. લીંબવૃક્ષ નીચે જોધો ભરવાડ શું કરતો હતો ?
૨. જોધાએ શ્રીજી મહારાજને દૂધની પિચકારી શા માટે મારી ?
૩. જોધાએ શ્રીજી મહારાજને બકરાના નામ શા માટે પૂછ્યા ?
૪. જોધા ભરવાડના ગુરૂ કોણ હતા ?
૫. જોધો શ્રીજી મહારાજના પગમાં કેમપડ્યો ?

**શા માટે** : સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ગળામાં કંઠી શા માટે પહેરે છે ?
કંઠી એ શરણાગતીનું પ્રતિકછે. આપણે સૌ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયી છીએ માટે.

**સત્સંગ સિંચન** :

૧. મહારાજના સમયમાં કેટલા પરમહંસો હતા ?
(a) ૧૦૦ (b) ૫૦૦ (c) ૪૦૦ (d) ૧૦૦૦
૨. શ્રીજી મહારાજે સ્વહસ્તે કેટલા મંદિર બંધાવ્યા ?
(a) ૧૨ (b) ૯ (c) ૪ (d) ૧૦
૩. શ્રીજી મહારાજે સ્વહસ્તે કયા શાસ્ત્રનું લેખન કર્યું ?
(a) ભક્ત ચિંતામણી (b) સત્સંગિ ભૂષણ (c) વચનામૃત (d) શિક્ષાપત્રી
૪. શ્રીજી મહારાજેકેટલી ગાદી સ્થાપી ?
(a) ૧ (b) ૨ (c) ૩ (d) ૪
૫. અમદાવાદ ગાદીના પ્રથમ આચાર્ય કોણ હતા ?
(a) અયોધ્યપ્રસાદજી (b) રઘુવીરપ્રસાદજી (c) રામપ્રતાપભાઈ (d) ઈચ્છારામ

**પ્રવૃત્તિ** : શ્રીજી મહારાજે બંધાવેલાં મંદિરોની યાદી બનાવો.

**વિશેષ** : શ્રીજી મહારાજે બંધાવેલાં મંદિરોમાં કયા કયા દેવ બિરાજે છે તેની યાદી તૈયાર કરો.

# પુષ્પ - ૧૧. માતરા ધાધલની કાઠીવિદ્યા

શ્રીજી મહારાજ ધોલેરાથી ગામ રોઝકા પધાર્યા અને રોઝકા ગામના ખેતરોમાં ઘઉંની ખળીમાં ઉતારો કર્યો. રોઝકા ગામને પાદર એક તળાવ હતું. ઘોડાને પાણી પીવડાવવા માટે સૌ કોઈ કાઠી દરબારો ઘોડાઓ લઈને તળાવ પાસે ગયા. સૌથી પહેલાં માતરા ધાધલે પોતાનું ઘોડું પાણીમાં નાંખ્યું પરંતુ તળાવમાં કાદવ હોવાથી ઘોડુ તળાવમાં ખૂંપી ગયું. માતરાએ વિચાર્યુ કે હવે કાઠીઓ મારી મશ્કરી કરશે. માતરાએ ચતુરાઈ વાપરીને "ત્રોહ ત્રોહ" એવાં શબ્દો બોલવા લાગ્યો એટલે બધા કાઠીઓ સમજ્યા કે માતરો ઘોડાને પાણી પીવડાવે છે જેથી બધા કાઠીઓએ પોતાના ઘોડા તળાવમાં નાંખ્યા અને બધાંના ઘોડાઓ તળાવમાં ખૂંપી ગયા અને માતરો મૂછમાં મલકાયો જેથી બધા સમજી ગયા કે



માતરાએ કાઠી વિદ્યા વાપરી. તળાવમાંથી માંડ માંડ ઘોડાઓ બહાર નીકળ્યા. કાદવવાળા ઘોડાઓ લઈને બધા મહારાજ પાસે ગયા એટલે મહારાજે પૂછ્યું કે આ શું થયું ? સૌ કોઈ કાઠીઓ એકસાથે બોલ્યા જે હે મહારાજ, આ માતરાએ કાઠી વિદ્યા વાપરી એમ કહીને આખી ઘટનાની વાત કરી એટલે મહારાજ ખૂબ હસ્યા.

**સ્વાધ્યાય**

૧. શ્રીજી મહારાજ ધોલેરાથી કયા ગામ પધાર્યા ?
૨. કાઠીઓ ઘોડાઓને તળાવ પાસે શા માટે લઈ ગયા ?
૩. સૌથી પહેલા ઘોડું તળાવમાં કોણે નાંખ્યું ?
૪. માતરા ધાધલે કેવી કાઠી વિદ્યા વાપરી ?
૫. શ્રીજી મહારાજ કેમ બહુ હસવા લાગ્યા ?

**શા માટે :** મંદિરના શિખર ઉપર ધજા શા માટે રાખવામાં આવે છે ?
મંદિરની ધજાએ વિજયનું પ્રતિક છે. ધજાના દર્શન કરનારનો સદા વિજય થાય છે.

**સત્સંગ સિંચન :**

૧. શ્રીજી મહારાજ જે ઘોડી ઉપર બેસતા હતા તે ઘોડીનું નામ જણાવો ?
(a) માણકી (b) રાણી (c) કેસર (d) ફુલમાળ
૨. શ્રીજી મહારાજે સૌથી પહેલું મંદિર ક્યાં બંધાવ્યુ ?
(a) ગઢડા (b) વડતાલ (c) અમદાવાદ (d) ભુજ
૩. શ્રીજી મહારાજે હરિભક્તોને નિત્ય પૂજામાં કયા દેવની મૂર્તિ રાખવાની આજ્ઞા કરી છે ?
(a) રાધાકૃષ્ણદેવ (b) નરનારાયણદેવ (c) હનુમાનજી (d) હરિકૃષ્ણ મહારાજ
૪. બ્રહ્માનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં ગયો હતો ?
(a) બામરોલી (b) ઉદેપુર (c) ખાણ (d) જયપુર
૫. ગોપાળાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(a) શામળાજી (b) ઈડર (c) પ્રાતિજ (d) ટોરડા

**પ્રવૃત્તિ :** સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીજી મહારાજના સમકાલીન દસ નંદ સંતોના નામની યાદી બનાવો.

**વિશેષ :** કોઈપણ દસ નંદ સંતોના જન્મસ્થાનની યાદી બનાવો.



# પુષ્પ - ૧૨.

# તાડકા વધ

રાજા દશરથને ચાર પુત્રો હતા. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. તેઓ ગુરૂ વશિષ્ઠ પાસે અયોધ્યાનગરીમાં તેમના આશ્રમે વિદ્યા શીખી રહ્યા હતા.

થોડા સમયમાં તેઓ બધીજ વિદ્યાઓ શીખી ગયા. હાથમાં સુંદર ધનુષબાણ લઈ જ્યારે ચારેય ભાઈઓ અયોધ્યાની નગરીમાં રમવા લાગ્યા ત્યારે અયોધ્યાની સ્ત્રીઓ તથા પુરૂષો ચકિત થઈ જતા. નિત્ય વનમાં જઈ શિકાર કરી મૃગોને મારી અયોધ્યા લાવતા અને દશરથ રાજાને બતાવતા. મરેલા બધાજ મૃગોને સ્વર્ગલોકમાં મોકલતા. રામ તથા ત્રણેય ભાઈઓને જોઈ દશરથ રાજા ખૂબજ આનંદ પામતા.

એકવાર વિશ્વામિત્ર નામના ઋષિ અયોધ્યા પધાર્યા. દશરથ રાજાએ તેમનું ઘણાજ ભાવથી સ્વાગત કરી આસન ઉપર બેસાડ્યા. પછી બંને હાથ જોડી કહ્યું કે હે મુનિવર કૃપા કરી તમારા આવવાનું કારણ કહો. વિશ્વામિત્ર બોલ્યા હે રાજા અમો ઋષિમુનિઓ જ્યારે યજ્ઞ કરીએ છીએ ત્યારે રાક્ષસો આવી અને હાડ,

માંસ વગેરે યજ્ઞકુંડમાં નાખી યજ્ઞ અભડાવે છે તથી બધાજ ઋષિઓ ઘણા જ દુ:ખી થાય છે. મેં જાણ્યું છે કે તમારા મોટા પુત્ર રામ નારાયણ છે અને તેમના વગર આ રાક્ષસો મરે તેમ નથી. માટે યજ્ઞના રક્ષણ માટે રામ તથા લક્ષ્મણને લેવા આવ્યો છું. રાજા દશરથને રામ ઉપર અપાર પ્રેમ હોવાથી બીજુ બધુ માગવા કહે છે પણ રામને માગવાની ના પાડે છે. જ્યારે વશિષ્ઠ મુનિએ રાજા દશરથને સમજાવ્યા ત્યારે તેમણે બંને ભાઈઓને જવાની આજ્ઞા આપી. બંને ભાઈઓ માતાઓને પગે લાગી રસ્તે ચાલી નીકળ્યા. ચાલતા જતા આગળ એક અતિ ભયંકર વેષવાળી કદરૂપી, પહાડી તાડકા નામની રાક્ષસી મળી. ઋષિ રામને બધીજ હકીકત કહેતા હતા ત્યાંજ એ સામે જ દોડી આવી. ઋષિના કહેવાથી એકજ બાણ વડે તાડકાનો વધ કરી પોતાના ધામ મોકલી આપી.

આ જોતા ઋષિએ રામ, લક્ષ્મણ બંનેને બલા તથા અતિબલા નામની વિદ્યાઓ આપી જેથી તેમને ભૂખ તથા તરસ ન લાગે. ઋષિએ પોતાની સઘળી અસ્ત્ર વિદ્યાઓ પણ આપી અને પોતાના આશ્રમમાં લાવ્યા.

સવાર થતા યજ્ઞનો પ્રારંભ થયો. રામ અને લક્ષ્મણ બંને ભાઈઓએ વિશ્વામિત્રને કહ્યું તમે નિર્ભય થઈ અને યજ્ઞ કરો. અમો બંને ભાઈઓ યજ્ઞનું રક્ષણ કરવા ઉભા છીએ.

થોડી વારમાં જ મારીચ નામનો રાક્ષસ પોતાના સૈનિકો સાથે યજ્ઞ તરફ દોડતો આવતો હતો. ભગવાન રામે ફલ વગરના એક જ બાણ મારી અને સો જોજન દૂર ફેંકી દીધો. મારીચ છેક લંકામાં સમુદ્ર કિનારે પડ્યો. પછી સુબાહુ નામના રાક્ષસને અગ્નિ અસ્ત્રથી માર્યો અને લક્ષ્મણજીએ તેમના રાક્ષસ સૈનિકોનો નાશ કર્યો. આ સમયે દેવતાઓ તથા ઋષિમુનિઓ રામ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા અને બધા જ સંકટ ટળી જતા બધા મુનિઓ શાંતિથી રહેવા લાગ્યા. ભગવાન રામ તથા લક્ષ્મણ પણ કેટલાક દિવસ મુનિ સાથે આશ્રમમાં રહ્યા.



**સ્વાધ્યાય**

૧. દશરથ રાજાના ચાર પુત્રોના નામ જણાવો.

૨. રામ અને લક્ષ્મણને લેવા માટે કયા ઋષિ આવ્યા હતા.

૩. તાડકાનો વધ કોણે કર્યો ?

૪. ઋષિએ બલા અને અતિબલા વિદ્યા રામ લક્ષ્મણને શા માટે આપી ?

૫. મારીચને કોણે માર્યો ?

**શા માટે :** ભગવાનના વિવિધ અવતારો શા માટે ધારણ કરે છે ?
વિવિધ ભક્તોના વિવિધ મનોરથ પૂર્ણ કરવા માટે.

**સત્સંગ સિંચન**

૧. રામાનંદ સ્વામીનો આશ્રમકયા ગામમાં આવેલો હતો ?
(a) નાગડકા (b) અમરેલી (c) માંગરોળ(d) લોજ

૨.રામાનંદ સ્વામીના ગુરૂનું નામ જણાવો.
(a) રામાનુજાચાર્ય (b) માધવાચાર્ય (c) શંકરાચાર્ય (d) પૂર્ણાનંદ

૩. રામાનંદ સ્વામીએ નિલકંઠ વર્ણીને દીક્ષા કયા ગામમાં આપી ?
(a) પીપલાણા (b) આણંદ (c) ધોરાજી (d) સાળંગપુર

૪. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કયા ગામે ગાદીની ધૂરા સોંપી.
(a) અમદાવાદ (b) જેતપુર (c) બુધેજ(c) વડતાલ

૫. રામાનંદ સ્વામીએ કયા ગામે દેહત્યાગ કર્યો ?
(a) મૂળી (b) ગઢપુર (c) ફરેણી (d) જુનાગઢ

**પ્રવૃત્તિ :** શ્રી રામ ભગવાનના લીલા ચરિત્રોની યાદી બનાવવી

**વિશેષ :** શ્રી રામ ભગવાનની લીલા વાર્તા મુખપાઠ કરવી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ડ | ફુ | જા | લ | જે | રા | પ | નૃ | ખ | મ |
| ક | ર્મા | નુ | પૈ | ત | ન | મ | સિ | ણિ | ૮ |
| લ | વ | ઝે | લ | તો | ર | ભ | હ | દ | સ્યા |
| કિ | તા | મૂ | રા | પુ | વા | લ | વ | ઘ | વ |
| અ | ર | ળી | બા | ૮ | મ | ગ | તા | વુ | તા |
| વ | ફૃ | ઝી | ચ | વા | ના | ધો | ર | કા | ર |
| તા | ષ્ણા | બુ | રા | મા | વ | તા | યા | લિ | ત |
| ર | વ | ધ્ધ | અ | વ | તા | ર | ધી | અ | ન |
| વ | તા | હા | વ | તા | ર | યા | પ્ર | મા | વે |
| ફૃ | ર | ર્મ | હા | પ | ર | શુ | રા | મ | ૮ |


- રામાવતાર
- કૃષ્ણાવતાર
- કુર્માવતાર
- વરાહવતાર
- વામનાવતાર
- પરશુરામ
- મત્સ્યાવતાર
- નૃસિંહવતાર
- બુધ્ધ અવતાર
- કલકિ અવતાર

શું તમે જાણો છો? ભગવાનના દશ અવતાર કયા કયા ? ઉપરના ચોકઠામાં ભગવાનના દશ અવતાર સમાયેલ છે તેને શોધી અને તમને મનગમતા કલરની સ્કેચપેન વડે તેની ફરતે ગોળ કરો.

# પુષ્પ - ૧૩. લંકા દહન



શ્રી હનુમાનજી વાનરના રૂપમાં ભગવાન રામના પરમભક્ત હતા. તેમની માતાનું નામ અંજની તથા પિતાનું નામ પવનદેવ હતું. બાળપણથી જ તેઓ વીર અને બુધ્ધિશાળી હતા. એકવાર રમત રમતમાં જ તેઓ સૂર્યને ગળી ગયા હતા. તેઓનો એવો પ્રતાપ હતો કે ભૂત-પ્રેત તથા રાક્ષસો હંમેશા તેમનાથી ડરતા. મોટા થયા પછી તે ઋષ્યમૂક પર્વત ઉપર વાનરોના રાજા સુગ્રીવ સાથે રહેતા હતા. જ્યારે ભગવાન રામવનમાં ફરતા ફરતા ઋષ્યમૂક પર્વત આવ્યા ત્યારે સુગ્રીવ સાથે તેમની મિત્રતા કરાવી હતી. સીતામાતાને રાવણ હરણ કરી લંકાનગરી લઈ ગયેલો. ત્યારે સીતાજીની ખોજ માટે સુગ્રીવે વાનર સેનાને આદેશ આપ્યો પણ લંકા સુધી પહોંચવા માટે કોઈ શક્તિમાન ન હતું. કારણકે ચારસો જોજન સમુદ્ર પાર કરી અને કામ પાર પાડી સલામત પાછા આવી શકે તેવી કોઈમાં પણ શક્તિ ન હતી. છેવટે જાંબવન વગેરેના આગ્રહથી હનુમાનજીમાં એક અદ્‌ભૂત શક્તિનો સંચાર થયો અને વિશાળ સમુદ્રને પાર કરી લંકા પહોંચ્યા. રસ્તામાં ઘણા વિઘ્નો આવ્યા પણ ભગવાન રામની કૃપાથી તેઓ સમુદ્ર પાર ઉતર્યા. લંકામાં નાનું રૂપ ધરી દરેક મહેલ નિરીક્ષણ કરવા લાગ્યા પણ ક્યાંય સીતામાતાનો પત્તો લાગ્યો નહીં. છેવટે તેમનું ધ્યાન એક એવા મહેલ ઉપર પડે છે જ્યાં રામભક્ત વિભિષણ રહેતા હતા. હનુમાનજી તેમની પાસેથી



સીતામાતાની ભાળ મેળવી અશોક વાટીકામાં આવે છે. હનુમાનજીએ જોયું કે સીતામાતાજીને ઘણી પ્રકારે રાવણ દુઃખ આપે છે. સમય સૂચકતા વાપરી હનુમાનજી સીતામાતાને બધીજ માહિતી આપે છે. સીતામાતા હનુમાનજીને રામભક્ત જાણી ખૂબ રાજી થયા. જ્યારે હનુમાનજીને ખૂબ ભૂખ લાગી ત્યારે માતા સીતાએ બગીચામાં નીચે પડેલા ફળો ખાવાની વાત કહી. બસ પછીતો હનુમાનજી બગીચામાં જઈ ઝાડ હલાવી નીચે પડેલા ફળ ખાતા જાય અને ઝાડ ઉખેડી ફેંકતા જાય. આ જોઈ લંકાના સૈનિકો તેમની સામે લડવા માટે આવ્યા. પરંતુ હનુમાનજીતો મસ્તીથી ફળ ખાતા જાય અને ઝાડ ઉખેડી સૈનિકોને મારતા જાય. આ રીતે બધા જ અસુરો ત્રાહીમામ પોકારી ગયા. છેવટે રાવણનો પુત્ર

મેઘનાદ આવી હનુમાનજીને નાગપાશ બાણથી બાંધી રાવણ પાસે દરબારમાં લઈ આવ્યો. લંકાનગરીના તમામ રાક્ષસો કુટુંબ સાથે જોવા આવ્યા. રાવણે તેમને શિક્ષાના રૂપમાં પુછડું સળગાવવાનું કહ્યું. કારણકે વાનરોને પૂંછડું ઘણું પ્રિય હોય છે. હનુમાનજી તો ખુશ થઈ પૂંછડું મોટું કરવા લાગ્યા અને રાક્ષસો પુછડે કપડા વીંટાળવા લાગ્યા. લંકામાં જેટલા કપડા હતા તે બધા હનુમાનજીને પૂછડે વિંટાળી અને આગ ચાંપી. પછી તો હનુમાનજીએ જય શ્રી રામ, જય શ્રી રામ કરતા શરીર વધારી લંકા નગરીના બધા જ ઘરો સળગાવવા લાગ્યા. જોત જોતામાં લંકાનગરી બળી ખાખ થઈ ગઈ. એક માત્ર વિભીષણના મહેલને બાકી રાખ્યો. આવી વીરતાભર્યું પરાક્રમ કરી માતા સીતાને મળી અને સમુદ્રપાર કરી હનુમાન પાછા રામ પાસે પધાર્યા.

**સ્વાધ્યાય**

૧. હનુમાનજી કોના પરમભક્ત હતા ?
૨. હનુમાનજીના માતા-પિતાનું નામ જણાવો ?
૩. રાવણે સીતાજીને કયા સ્થળે રાખ્યા હતા ?
૪. રાવણના પુત્રનું નામ જણાવો ?
૫. હનુમાનજી કયા પ્રકારની ભક્તિનું ઉદાહરણ પૂરું પાડે છે ?



**શા માટે :** હનુમાનજીની આરાધના શા માટે ?

હનુમાનજી ભગવાનના પરમભક્તછે તેમના જેવીભક્તિ તથા શરણાગતિ તથા ભક્તિ આપણામાં આવે એ માટે

**સત્સંગ સિંચન**

૧. સ્વામિનારાયણ ભગવાના કુળદેવ કોણ છે?

(a)ગણપતિજી (b) હનુમાનજી (c) સૂર્યનારાયણ (d) શિવજી

૨. હનુમાનગઢી ક્યાં આવેલું છે ?

(a) અયોધ્યા (b) મથુરા (c) કાશી (d) હનુમાનપુરા

૩. સાળંગપુરમાં પ્રતાપી હનુમાનજી કોણે પધરાવ્યા ?

(a) મુક્તાનંદ સ્વામી (b) બ્રહ્માનંદ સ્વામી (c) સુખાનંદ સ્વામી (d) ગોપાળાનંદ સ્વામી

૪. હનુમાનજીને શાનો પ્રસાદ ધરાવવામાં આવે છે?


(a) જલેબી (b) સુખડી (c) મોહનથાળ (d) લાડુ


૫. હનુમાનજી મહારાજનો અભિષેક શેનાથી કરવામાં આવે છે ?

(a)કેસરજળ (b) ગંગાજળ (c) ઘી (d) તેલ

**પ્રવૃત્તિ :** નવધા ભક્તિ પ્રકારની યાદી બનાવો.

**વિશેષ :** નવધા ભક્તિ પ્રકારનાં ઉદાહરણોની યાદી બનાવો.





# પુષ્પ - ૧૪. પ્રેમ બંધન

એક દિવસ ગોકુળમાં એવું બન્યુ કે યશોદામાતા છાશ ફેરવતા હતા. અને ઘરની દાસીઓ બીજા કામમાં જોડાઈ ગઈ. યશોદામાતા બાલ શ્રીકૃષ્ણને યાદ કરતા કરતા છાશ ફેરવવામાં મગ્ન હતા. દહીનું મંથન કરતા માતાને જોઈને કનૈયો ધાવવાની ઈચ્છાથી માતા પાસે આવી રવૈયો ઝાલી અને તેમને રોકયા આ જોઈ માતા યશોદા ઘણા જ સ્નેહથી પોતાની ગોદમાં લઈ અને શ્રી કૃષ્ણને ધવરાવતા હતા. તેટલામાં ગરમ કરવા મુકેલું દૂધ ઉભરાઈ જતા તેની સંભાળ લેવા સારુ કનૈયાને મુકી ચૂલા તરફ ચાલ્યા , જો કે કનૈયાને હજુ ભૂખ હતી તેથી ભગવાનને રીસ ચઢી, સુંદર એવા લાલ હોઠ ફરકવા લાગ્યા ખોટા ખોટા આંસુ આવી ગયા. પછી દાંત વડે હોઠ દબાવીને એક પથ્થર ગોળી પર ફેકયો એટલે ગોળી ફુટી ગઈ. પછી ઘરની અંદર જઈ એકાંતમાં માખણ ખાવા લાગ્યા. આ બાજુ ખૂબ જ ગરમ થયેલુ દૂધ યશોદામાતા નીચે ઉતારી ફરી પાછા છાશ ફેરવવાના સ્થાનકમાં આવ્યા ત્યાં દહીંની ગોળીને ફુટેલી જોઈ એટલે તે કામ પોતાના પૂત્રનું જ છે એમ જાણી હસવા લાગ્યા આ બાજુ શ્રીકૃષ્ણ ઉંધા વાળેલા ખાંડણિયા ઉપર બેસી, માખણને વાંદરાઓને ખવરાવવા લાગ્યા અને ચકળ ચકળ જોવા લાગ્યા. માતાએ જોયુ એટલે પાછળથી ખબર ન પડે તેમ પકડવા સારુ ધીરે ધીરે આવ્યા.

માતાના હાથમાં લાકડી જોઈ શ્રીકૃષ્ણ ભય પામી ઉભા થઈ અને ભાગ્યા, યશોદામાતા તેમની પાછળ દોડયા પણ પહોચી શકયા નહીં કારણ કે ભગવાનને કોણ પહોચી શકે ? ઝડપથી દોડવાને લીધે યશોદામાતાના ચોટલામાંથી ફુલ ખરતા હતા. અને માંડ માંડ દોડીને પકડવા જાય ત્યાં થોડું અંતર રહી જાય હવે શ્રીકૃષ્ણે વિચાર્યુ માતા ખૂબ જ થાકી ગયા છે હવે મારે

પકડાવું જોઈએ. આવુ વિચારી ભગવાન માતાના હાથે પકડાયા અને વાંકમાં આવેલા, રોતા આંજણથી ખરડાયેલ બંન્ને આંખોને ચોળતા, ભયથી આસપાસ જોતા શ્રીકૃષ્ણને પકડી માતા બીવરાવા સારુ ધમકી આપવા લાગ્યા. આવું કરવાથી શ્રીકૃષ્ણને વધારે ભયભીત જોઈ માતાએ પોતાનો પુત્ર જાણી લાકડી મુકી અને દોરડાથી બાંધવાની ઈચ્છા થઈ.

માતાએ કૃષ્ણને દોરડું લઈ અને ખાંડણીયા સાથે બાંધવા લાગ્યા પરંતુ જયાં બાંધવા જાય ત્યાં દોરડું બે આંગળ ટુંકું પડે. એટલે યશોદામાતાએ બીજુ દોરડું સાંધ્યુ તે પણ બે આંગળ ઓછું થયુ. એટલે ત્રીજુ સાંધ્યું તે સર્વે દોરડા તેટલા જ ઓછા થયા ઘરના સઘળા દોરડા સાંધ્યા પણ ઓછા પડયા તેથી ભેગી થયેલ અને જોવા આવેલી બીજી બધી ગાપીઓ હસવા લાગી તેથી યશોદામાતા પણ વિસ્મય પામી હસવા લાગ્યા.

હવે ભગવાને વિચાર્યું કે માતાને વધારે પરેશાન નથી કરવા માટે કૃપા કરી અને દોરડે બંધાયા.



**સ્વાધ્યાય :**

**નીચે આપેલા વાક્યમાં કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

૧. દહીંમાંથી છાસ બનાવવા માટે વપરાતા સાધનને -------------------- કહે છે.
(ખાંડણીયો, રવૈયો, સાંબેલું)

૨. ખાંડવા માટે વપરાતા સાધનને ------------------- કહે છે.
(મિક્ષર, ખાંડણીયો, રવૈયો)

૩. કનૈયો -------------------- ને માખણ ખવરાવવા લાગ્યો.
(મિત્રો, વાંદરા, દાસીઓ)

૪. યશોદામાતા દોડવાથી --------------------- માંથી ફૂલ ખરતાં હતાં.
(ટોપલાં, હાથ, ચોટલા)

૫. કનૈયાને યશોદામાતાએ --------------- વડે બાંધ્યો.
(સાંકળ, દોરડું, પાલવ)

**શા માટે :** ભગવાન વિવિધ લીલાઓ શા માટે કરે છે ?
પોતાના ભક્તોને સહજજ્ઞાન તથા આનંદ આપવા માટે

**સત્સંગ સિંચન**

૧. શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ ક્યાં થયો હતો ?
(a) વ્રજગામ (b) વૃંદાવન (c) ગોકુળ (d) મથુરા

૨. કૃષ્ણ ભગવાનના દુષ્ટ મામાનું નામ શું હતું?
(a) અક્રુર (b) કંસ (c) ઉદ્ધવ (d) વસુદેવ

૩. કૃષ્ણ ભગવાનના ભાઈનું નામ શું હતું ?
(a) બળદેવ (b) ભીમ (c) લક્ષ્મણ (d) ઈચ્છારામ

૪. કૃષ્ણ ભગવાને કયા નાગનો યમુનામાં મોક્ષ કર્યો હતો ?
(a) મણીધરનાગ (b) કાલીનાગ (c) સહસ્રનાગ (d) ધરણીધર નાગ

૫. કૃષ્ણ ભગવાને કયા પર્વતને ટચલી આંગળી ઉપર ધારણ કર્યો હતો ?
(a) ગિરનાર (b) પાવાગઢ (c) ગોવર્ધન (d) ચોટીલા

**પ્રવૃત્તિ :** શ્રીકૃષ્ણ ભગવાનની લીલા ચરિત્રોની યાદી તૈયાર કરવી.

**વિશેષ :** શ્રીકૃષ્ણ ભગવાનનું લીલા ચરિત્ર મુખપાઠ કરવું.



## પુષ્પ - ૧૫.

# પ્રવાસ

પ્રવાસ એટલે મુસાફરી. મુસાફરીના હેતુને સ્થળ સાથે જોડવાથી પ્રવાસનો પ્રકાર નક્કી થાય છે. સ્વામિનારાયણ મંદિર-કાલુપુર, જગન્નાથ મંદિર-જમાલપુર કે ગઢડા, સારંગપુર, સોમનાથ, દ્વારકા વિગેરે જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લઈએ તો તે પ્રવાસને ધાર્મિક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

અડાલજની વાવ, રાણકી વાવ, ધોળાવીરા, લોથલ જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈએ તો તેવા પ્રવાસને ઐતિહાસિક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

સાપુતારા, તારંગા, માઉન્ટ આબુ, એસેલ વર્લ્ડ, ઈમેજીકા જેવા સ્થળોની મુલાકાતને મનોરંજક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

નદી, સરોવર, વોટરપાર્ક કે બગીચાના એક દિવસના પ્રવાસને પિકનીક તરીકે ઓળખવામાં આવે છે.વળી આપણા સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પણ એક દિવસની મુલાકાત યોજી શકાય છે.

આમ પ્રવાસથી જ્ઞાનમાં વધારો તો થાય જ છે પરંતુ શરીર અને મન તાજગી અનુભવે છે. કામકરવાની શક્તિમાં વધારો થાય છે. વળી, સંઘભાવના, સંઘશક્તિ, નેતૃત્વ જેવા ગુણો પણ વિકસે છે.

આમ પ્રવાસએ કુદરતને મહાલવાનો અને દુનિયાને જાણવાનો અનેરો અવસર છે.

**પ્રવૃત્તિ :** કોઈપણ ઐતિહાસિક કે ધાર્મિક સ્થળનો પ્રવાસ કરી તેનો નિબંધ લેખન સ્પર્ધા કરી ઈનામ આપવા.


## પુષ્પ - ૧૬.

# વ્યસન









"પહેલું સુખ તે જાતે નર્યા" એટલે કે શરીરની તંદુરસ્તી એ માણસ માટે પહેલું સુખ છે. તમામ પ્રકારના સુખ સગવડતા હોય પણ તે ભોગવવા માટે શરીર તંદુરસ્ત હોવું જોઇએ. જેમ ડાયાબિટીશના રોગીને ખાવા-પીવાનું સુખ આવતું નથી. તેમ જેના શરીરમાં રોગ હોય તે માણસને સુખસગવડ ભોગવવાનો આનંદ આવતો નથી. શરીરમાં રોગ થવાનું મુખ્ય કારણ તો વ્યસન છે. જેને લીધે માણસની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. જેથી રોગ લાગુ પડે છે. વ્યસન એ વિનાશનું પહેલું પગથીયું છે.

સામાન્ય રીતે તમાકુ ખાવાની કે બીડી પીવાની ટેવવાળા માણસને દાંત અને મોઢાના રોગો થાય છે તેમજ કેન્સર જેવો જીવલેણ રોગ લાગુ પડે છે. દારૂ પીવાથી માણસની કીડની અને લીવરના રોગ થાય છે. વળી, અફીણ, ગાંજો અને બીજા ડ્રગ્સ માણસને શારીરિક તેમજ માનસિક રોગો પેદા કરે છે. શરૂઆતમાં વ્યસનનો ખર્ચ અને પછી રોગ થાય એટલે દવાનો ખર્ચ એમ વ્યસની માણસને બેવડો માર પડે છે અને તે બરબાદી તરફ ધકેલાય છે.

વ્યસનથી માણસને નશો ચડે છે એટલે તેનું માનસિક સંતુલન રહેતું નથી. જેથી ઘરમાં કલેશ અને કંકાસ થાય છે. રોજબરોજ ઝગડા થાય છે. આડોશ-પાડોશમાં સંબંધો બગડે છે જેથી ઘરના બીજા સભ્યો આવાં વ્યસની માણસથી ત્રાસ અનુભવે છે અને ઘરમાં સૌ કોઈ એને ધિક્કારે છે. તેમજ આસપાસ કે સમાજમાં તેની સાથે કોઈને સારો સંબંધ રહેતો નથી માટે જ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે કોઈ પ્રકારનું નશાકારક વ્યસન કરવું નહીં તેમજ આવી વ્યસની વ્યક્તિનો સંગ કરવો નહીં.

**પ્રવૃત્તિ :**

- વ્યસનથી થતા નુકસાનના પોસ્ટર બનાવવા.
- પોતાના ગામ કે વિસ્તારમાં આવા પોસ્ટરો - બેનરો લઈને વ્યસન મુક્તિ રેલી કાઢી પોતાનાં કુટુંબ - પરિવાર - પડોશી મિત્રોને વ્યસનથી મુક્ત કરવાનાં પ્રયત્નો કરવા.

